જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/ ૧૮૩૪૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૧૪/૦૯/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક/ઉ.મા. શાળાઓ તરફ
જિ-સુરત

આ સાથે સામેલ મે, સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી,(માધ્યમિક) કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગરના પત્ર ક્રમાંક/ ઘ/માધ્ય/ પરચ/૨૦૨૨/૧૬૧૫૮-૧૯૧ તા.૭/૦૯/૨૦૨૨ અન્વયે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત " માટી બચાવો અભિયાન " શરુ કરવા અંગે જાણ તથા અમલ થવા સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

**ઈ-મેઈલ**

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/૨૬૨૫૮-૨૯૧

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૭/૦૯/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત "માટી બચાવો અભિયાન" શરૂ કરવા બાબત.
સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ-૧૨૨૦૨૨-CMOvip119-વ.૨, તા.૨૯/૮/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, 'આઝાદીના અમૃત મહોત્સવ' ની દેશવ્યાપી ઉજવણી ચાલી રહેલ છે ત્યારે માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા "માટી બચાવો અભિયાન" અંતર્ગત ધરતીમાતાનું જતન કરવા માટેના સધન પ્રયત્નો હાથ ધરવા અનુરોધ કરવામાં આવેલ છે. જે અંતર્ગત આવનારી પેઢીઓને સ્વસ્થ જીવનની વિરાસત આપવા આ અભિયાન હેઠળ રાજ્યની તમામ શાળાઓના જાહેર કાર્યક્રમોમાં આ અંગે ચર્ચા તથા તમામ વર્ગના લોકોને જાણકારી મળે તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ મહત્તમ લોકો જાગૃત થાય તે માટે સામેલ પત્ર સાથેના બિડાણની વિગતો ધ્યાને લઈ આપની કક્ષાએથી તાબાની તમામ શાળઓને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

અગત્યનું /સમયમર્યાદા

ક્રમાક-પરચ-૧૨૨૦૨૨-CMO vip 119.-વ.ર

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાધીનગર

તા-૨૫/૦૮/૨૦૨૨

પ્રતિ,

(૧) નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૩) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેકટર નં ૧૨ ગાંધીનગર

(૪) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૫) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, સેકટર-૧૦એ, ગાંધીનગર

(૬) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર નં ૧૦બી, ગાંધીનગર

વિષય: આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ''માટી બચાવો અભિયાન'' શરૂ કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેનામાન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના તા.૧૬/૦૫/૨૦૨૨ના પત્ર ક્રમાંક મુમક/વીઆઇપી/૨૦૨૨/૨૩૭૮૩ની નકલ બિડાણ સાથે મોકલી આપતાં જણાવવાનું કે, દેશ જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે માન.મુખ્યમંત્રીશ્રી સાહેબે ''માટી બચાવો અભિયાન'' અંતર્ગત ધરતીમાતાનું જતન કરવા માટેના સઘન પ્રયાસો હાથ ધરવા માટે અનુરોધ કરવામાં આવેલ છે. સદરહું વિગતોને ધ્યાને લઇ આવનારી પેઢીઓને સ્વચ્છ જીવનની વિરાસત આપવા '' માટી બચાવો અભિયાન''માટે શૈક્ષણિક અભ્યાસક્રમોમાં આ અભિયાનને આવરી લઇ, રાજ્યની સમગ્ર શાળા તથા કોલેજોના જાહેર કાર્યક્રમોમાં ચર્ચા તથા તમામ વર્ગના લોકોને તેની જાણકારી મળે અને મહત્તમ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ લોકો જાગૃત થાય તે અંગેની યોગ્ય જરૂરી આગળની નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(સંજય જી.ગરાસિયા)

સેકશન અધિકારી

શિક્ષણ વિભાગ

બિડાણ-ઉપર મુજબ.

**નકલ રવાના જાણ સારૂ.**

- માન.મુખ્યમંત્રીશ્રીના સંયુકત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, ગુજરાત સરકાર સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

J.P. MODHA
JOINT SECRETARY
TO CHIEF MINISTER

મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય
ગુજરાત સરકાર,
સ્વર્ણિમ સંકુલ-૧,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
Chief Minister's Secretariat,
Govt. of Gujarat,
Swarnim Sankul-1
Sachivalaya, Gandhinagar-382 010

1 6 MAY 2022

શ્રીમાન,

પૃથ્વી પર જીવસૃષ્ટિનું અસ્તિત્વ ટકાવી રાખવામાં જમીન અને માટીની મોટી ભૂમિકા છે. જમીનની ફળદ્રુપતા જાળવવી એ આપણા સૌની સામુહિક જવાબદારી છે.

સમગ્ર દુનિયામાં આ અંગે જાગૃતિ ઉભી થાય તેવા ઉદ્દેશ સાથે જાણીતી સેવાભાવી સંગઠન 'ઇશા ફાઉન્ડેશન' દ્વારા "માટી બચાવો અભિયાન" શરૂ કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ ગામ-શહેરના અને સમાજના અગ્રણીઓ સહિત દરેક વર્ગના લોકોને માટીની ગુણવત્તા જાળવવી કેટલી અગત્યની છે તે અંગે જાગૃત કરવામાં આવી રહેલ છે.

દેશ જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે માન.મુખ્યમંત્રી સાહેબે "માટી બચાવો અભિયાન" અંતર્ગત ધરતીમાતાનું જતન કરવા માટેના સઘન પ્રયાસો હાથ ધરવા માટે અનુરોધ કરતો પત્ર આ સાથે સામેલ રાખી આપને મોકલી આપવામાં આવે છે. સદરહુ વિગતોને ધ્યાને લઇ આવનારી પેઢીઓને સ્વસ્થ જીવનની વિરાસત આપવા "માટી બચાવો અભિયાન" માટે શૈક્ષણિક અભ્યાસક્રમોમાં આ અભિયાનને આવરી લઇ, રાજ્યની સમગ્ર શાળા તથા કોલેજોના જાહેર કાર્યક્રમોમાં ચર્ચા થાય તથા તમામ વર્ગના લોકોને તેની જાણકારી મળે અને મહત્તમ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ લોકો જાગૃત થાય તે અંગેની યોગ્ય જરૂરી કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(જે. પી. મોઢા)

પ્રતિ,
અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેક. શિ.),
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ: 13-05-2022

વિષય: માટી બચાવો અભિયાન

સપ્રેમ નમસ્કાર,

પૃથ્વી પર જીવસૃષ્ટિનું અસ્તિત્વ ટકાવી રાખવામાં જમીન અને માટીની મોટી ભૂમિકા છે. માટીમાં અનેક સૂક્ષ્મ પોષક દ્રવ્યો હોય છે. જે કૃષિ પાકોની ગુણવત્તા માટે ખૂબ જરૂરી છે. મનુષ્યના આરોગ્ય માટે તેમજ અન્ય જીવોના સ્વાસ્થ્ય માટે પણ માટીની ગુણવત્તા ખૂબ અગત્યની છે. માટી હવા અને પાણીને પણ અસર કરે છે અને દેશોના સામાજિક અને આર્થિક વિકાસને પણ. આથી જ, જમીનની ફળદ્રુપતા જાળવવી એ આપણા સૌની સામુહિક જવાબદારી છે.

પરંતુ, આજે રસાયણોના ઉપયોગ તથા પ્રદૂષણના કારણે દુનિયાભરમાં માટીની ફળદ્રુપતા ઘટી રહી છે. તેના લીધે કૃષિ પાકોના રસ-કસ ઘટી ગયા છે, જેની ગંભીર અસરો મનુષ્યના આરોગ્ય પર પણ પડી રહી છે. આપણી આવનારી પેઢીઓને ફળદ્રુપ જમીન આપવા આપણે સૌએ આજે જ સંકલ્પબદ્ધ થવાની જરૂર છે.

સમગ્ર દુનિયામાં આ અંગે જાગૃતિ ઉભી થાય તેવા ઉદ્દેશ્ય સાથે જાણીતા સેવાભાવી સંગઠન 'ઈશા ફાઉન્ડેશન' દ્વારા 'માટી બચાવો અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ, સમાજના અગ્રણીઓ, ગામ, શહેર અને સમાજના દરેક વર્ગના લોકોને માટીની ગુણવત્તા જાળવવી કેટલી અગત્યની છે તે અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે. આપ સૌ આ અભિયાનમાં જોડાવ તેવી મારી અપીલ છે.

ગુજરાતમાં ખેડૂતોના ખેતરની માટીની ગુણવત્તા માટે વર્ષ 2003-04 માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સોઈલ હેલ્થ કાર્ડ' ની દૂરંદેશી યોજના શરૂ કરી હતી. આપણા માટે ગૌરવની વાત છે કે આ યોજનાને ત્યારબાદ રાષ્ટ્રભરમાં અપનાવવામાં આવી છે. માટીમાં રહેલા પોષક દ્રવ્યોની માપણી માટે 2008-09 માં આપણે ત્યાં 20 લેબોરેટરી હતી. જેની સંખ્યા આજે 115 સુધી પહોંચી ગઈ છે.

મુખ્યમંત્રી કાર્યાલય (ISO 9001:2015 પ્રમાણિત)
૩ જો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર ૩૮૨ ૦૧૦ ગુજરાત
www.gujaratindia.com

જમીન તેમજ પાકોની ગુણવત્તા સુધારવા ગુજરાત સરકાર દેશી ગાય આધારિત રસાયણ-મુક્ત પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે. આપણો ડાંગ જિલ્લો 100 ટકા પ્રાકૃતિક ખેતી ધરાવતો જિલ્લો બન્યો છે.

આજે દેશ જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવં ઉજવી રહ્યો છે ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેક ગામમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાની તેમજ ગામોમાં ખેત તલાવડીઓ બનાવવાની હાકલ કરી છે. ખેત તલાવડી બનવા ઉપરાંત મોટા પ્રમાણમાં વૃક્ષારોપણથી પણ સમય જતાં આપણને માટીની ગુણવત્તા પર હકારાત્મક અસરો જોવા મળશે.

તો. આપ આ દિશામાં સઘન પ્રયાસો હાથ ધરો અને 'માટી બચાવો અભિયાન' માં પૂરા હૃદયથી જોડાવ તેવો મારો અનુરોધ છે. આવો, આપણે સૌ સહિયારા પ્રયાસોથી ધરતીમાતાનું જતન કરીએ અને આવનારી પેઢીઓને સ્વસ્થ જીવનની વિરાસત આપીયે..

આપનો.

B Patel

ભૂપેન્દ્ર પટેલ